જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨/૭/૨૦૧૪ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૯૫/૧૪**

**ક્રાઇમબ્રાંચ :-**

અમદાવાદ શહેરમાં લૂંટ, ધાડ અને હત્યા તથા પેરોલ જમ્પ તથા નાસતા-ફરતા તથા વોન્ટેડ જેવા ગંભીર ગુન્હાઓમાં સંડોવાયેલા આરોપીઓને શોધી તેઓને જેલના સળિયા પાછળ ધકેલવા ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી એ.કે.શર્મા તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી નાઓ દ્વારા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ તેમજ સ્ટાફના માણસોને બ્રિફીંગ કરી જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપી આવા આરોપીઓને શોધી કાઢવાની કવાયત હાથ ધરવા કહેતા જેના ફલસ્વરૂપ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ. શ્રી એચ.પી.કરેણ નાઓને મળેલ હકિકત આધારે રાજસ્થાન રાજયના પાલી જીલ્લાના ગુડાએદલા પો.સ્ટે.માં માહે સપ્ટેમ્બર/૨૦૦૭ માં માનારામ ચૌધરીની હત્યાનો ગુન્હો નોંધાયેલ જેનો મુખ્ય સુત્રધાર આઝાદસિંહ રાજપુરોહિત નાને તેના સાગરીતો સાથે રાજસ્થાન પોલીસ દ્વારા પકડવામાં આવેલ અને તેઓ તમામને નામદાર કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફરમાવામાં આવેલ જે સજા અનુસંધાને ઉપરોક્ત આરોપીઓ જોધપુર જેલમાં સજા ભોગવી રહેલ હતા જે પૈકીના આઝાદસિંહ લક્ષ્મણસિંહ રાજપુરોહિત નાનો દિન-૨૦ ની પેરોલ રજા ઉપર આવી પેરોલ જમ્પ કરી તેના સાગરીતો નારાયણસિંહ રાજપુતનાની સાથે મળી રાજસ્થાન જોધપુર, બાલેસર જતા રોડ ઉપરથી એક કેમ્પર ગાડીની લૂંટનો અંજામ આપેલ આ ગુન્હો કર્યાના થોડાક દિવસ બાદ ફરી વખત તેના સાગરીતો સાથે મળી મુકેશ પુરોહિતનાએ આપેલ ટીપ્સ આધારે રાજસ્થાનના અનાદરા ટોલબુથ ખાતેથી એક વેપારીનો પીછો કરી તેને રોકી રુપીયા ૧,૩૦,૦૦૦/- ની લૂંટ કરેલ. જે ગુન્હાનો અંજામ આપ્યા બાદ ફરીવખત તેના સાગરીતો સાથે મળી સિરોહી જીલ્લાના કિરવા ગામના ઉદારામ ચૌધરી પાસેથી નાણાં મેળવવા બાબતે ધાક-ધમકી આપેલ અને આ નાણાં ન મળતાં તેને ફરી વખત પોતાના સાગરીતો સાથે મળી અમદાવાદથી જોધપુર જતી ટ્રાવેલ્સમાં બેસેલ આંગડીયા પેઢીના કર્મચારીને લૂંટી લેવાનો પ્લાન નિષ્ફળ જતાં દોઢેક માસ પહેલા ફરી લૂંટની વારદાતને અંજામ આપે તે પહેલા તેના ૩ સાગરીતો હથિયાર સાથે ગાંધીનગર પોલીસના હાથે પકડાઇ ગયેલ અને તે પોતે પોતાના સાગરીત નારાયણસિંહ સાથે પોલીસને થાપ આપી નાસી છુટવામાં સફળ રહેલ.

આમ પકડાયેલ આઝાદસિંહ રાજપુરોહિતનાનો હત્યા જેવો ગંભીર ગુન્હો કર્યા બાદ જેલમાંથી પેરોલ જમ્પ કર્યા બાદ તેના સાગરીતો સાથે મળી બે લૂંટ તથા હથિયાર તથા ધાક-ધમકી આપી કુલ્લે ૫ ગુન્હા આચરેલ હોવાનુ પુછપરછ દરમ્યાન ખુલવા પામેલ છે. આરોપી ખુબ જ ઝનુની અને તેના સાગરીતો સાથે ટોળકી બનાવી લૂંટ, ધાડ જેવા ગંભીર ગુન્હાઓ આચરવાની ટેવ વાળો છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.